## આણંદ કૃષિ યુનિવર્સિટી,
## આણંદ

**The right to information Act 2005**

## પ રિ પ ત્ર

આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ જાહેર માહિતી અધિકારીઓને જણાવવાનું કે, સર્વે જાહેર સંસ્થાઓ/ જાહેર સત્તા મંડળના કામકાજમાં પારદર્શીતા અને ઉત્તર દાયિત્વની ગુણકક્ષામાં વધારો થાય તેવા શુભ આશયથી નાગરિકોને માહિતી પ્રાપ્ત કરવાનો અધિકાર બક્ષતો The right to information Act 2005 અમલમાં આવેલ છે જેનો અમલ આણંદ કૃષિ યુનિવર્સિટીમા પણ કરવામાં આવેલ છે.

આ કાયદા હેઠળ આપની કચેરીમાં અરજદારો તરફથી માહિતી અધિકાર અધિનિય-૨૦૦૫ હેઠળ મળતી અરજીઓનું રજીસ્ટ્રર નિભાવવા તેમજ અરજી સાથે અરજી ફી તથા નકલ ચાર્જીસની રકમની માહિતી રાખવા જણાવેલ હતું.આ રીતે આવેલ અરજીઓની ત્રિમાસિક માહિતી નિયત કરેલ નમૂના પત્રકમાં મોકલી આપવા માટે સ્થાઇ સુચના આપવામાં આવેલ હતી.

(૧) આપની કક્ષાએ આ અધિકાર હેઠળ મળતી અરજીઓ રજીસ્ટ્રરમાં નોંધી તેનો આઇ.ડી. નંબર અને તારીખ નોધવી.

(૨) અરજી સાથે નિયત કરેલ ફી સિવાયની મળેલ અરજી અરજદારને અસલમાં પરત કરી ફી જમા કરાવવા જણાવવું (અરજીમાં રૂ.૨૦/-ની રેવન્યુ સ્ટેમ્પ, કોર્ટ ફી સ્ટેમ્પ ચોટાડેલી હોવી જોઇએ અથવા રૂ.૨૦/-ના નોન જયુડીશીયલ સ્ટેમ્પ પેપર ઉપર કરેલી હોવી જોઇએ અગર ઇન્ડીયન પોષ્ટલ ઓર્ડર/ચેક/ડી.ડી. અથવા સબંધિત કચેરીમાં રૂ.૨૦/- રોકડા ભરેલી હોવી જરૂરી છે.

(૩) આપની કક્ષાએ મળતી અરજીઓનો જયારે નિકાલ કરવામાં આવે ત્યારે મળેલ અરજી ફી, નકલ ચાર્જીસ જમા કરાવેલ હોયતો તેની વિગતોની જાણ અવશ્ય અત્રેની કચેરીને કરવાની રહેશે.

(૪) અરજદારે બી.પી.એલ તરીકે માહિતી અધિકાર હેઠળ માહિતી માંગેલ હોયતો અરજદારનો બી.પી.એલ યાદીમાં સમાવેશ થયેલ હોયતો તેના આધાર પુરાવા રજુ કરેલ છે કે કેમ તે ચકાસવાના રહે છે. બી.પી.એલ. કાર્ડ ધારક પાસેથી અરજી ફી વસુલ લેવાની નથી. બી.પી.એલ કાર્ડ ધારક અરજદારને વધુમાં વધુ ૨૦૦ પાનાની મર્યાદામા માહિતી વિના મુલ્યે પુરી પાડવાની રહે છે અને છતાં જો બી.પી.એલ કાર્ડ ધારક વધુ માહિની માંગણી કરે તો તે માટે નકલ દીઠ નિયત કરેલ ફીની રકમ વસુલ લેવાની રહે છે.

(૫) **ખાસ નોંધવા જેવી** બાબતએ છે કે અત્રેથી દર ત્રણ માસે અરજી તથા ફીની વિગતો સરકારશ્રીમાં મોકલવાની થાય છે. તેમા એપ્રીલ થી જુન, જુલાઇ થી સપ્ટેમ્બર, ઓકટોમ્બર થી ડીસેમ્બર અને

જાન્યુઆરી થી માર્ચ એમ ત્રણ મહિના પુરા થયા પછી તા.૦૧ થી તા.૧૦ સુધીમાં મોકલવાની થાય છે. જે તે કચેરી તરફથી ત્રિમાસિક પત્રક અત્રે જે મોકલવામાં આવે છે તે અધુરા જણાય છે. પત્રકના કોલમમાં માંગ્યા મુજબની વિગતો અવશ્ય ભરવી. તેમાં જે તે ત્રીમાસીક દરમ્યાન મળેલ અરજીઓ તથા તેની સાથે અરજી ફી, નકલ ચાર્જીસની વિગતો ખાસ ભરવી. આવી વિગતો ધ્યાનથી ભરવામાં આવતી નથી આપના તરફથી ત્રીમાસીક પત્રકમાં મોકલવામાં આવતી માહિતી અત્રેની કચેરીએ સંકલીત કરી ગણતરીમાં લેવાની થતી હોય અને તે મુજબ અત્રેથી સરકારશ્રીમાં મોકલવામાં આવે છે. માહિતીમાં અરજીઓ તથા ફીની વિગતો ભરવાની થાય છે તે સ્પષ્ટ ન હોવાથી મેળવણું થઇ શકતું નથી. જેથી આપેલ સુચનાનો અમલ કરી સમયસર અને સ્પષ્ટ માહિતી મોકલી આપવા જણાવવામાં આવે છે. જેની સર્વે એ નોંધ લેવા વિનંતી.

જા.નં.આફૃયુ/રજી/લીગલ/સીસી.ર/ ૬૦૯ /૨૦૨૨
તા. ૦૯/૦૨/૨૦૨૨

કુલસચિવ

<u>નકલ સવિનય રવાના જાણ તેમજ અમલ થવા સારૂ.</u>

આ યુનિવર્સિટીના સર્વે જાહેર માહિતી અધિકારી/મદદનીશ જાહેર માહિતી અધિકારીઓ તરફ જાણ તેમજ સરકારશ્રીએ આપેલ સુચના અનુસાર અમલ કરવા વિનંતી છે.